મહિલા મોબાઈલ ચોર એલસીબીના સકંજામાં

ગાંધીનગર શહેરના સે-૧૬ આર્ટ એન્ડ ક્રાફ્ટ એકઝીબીશનમાંથી ૮ માર્ચના રોજ મોબાઈલ ચોરી થઈ જવા પામ્યો હતો. ગાંધીનગર એલસીબીની ટીમે તપાસ કરીને બાતમીને આધારે મોબાઈલ ચોરી જનાર બાપુનગરની મહિલાને પકડી પાડી છે. ચોરીના મોબાઈલ સાથે વિમળાબેન ઉર્ફે વિમુ રાજુ બગ્ગાની ધરપકડ કરીને પુછપરછ શરુ કરવામાં આવી છે.

પંચદેવ મંદિરે સુંદરકાંડ પાઠનો અગિયારમાં વર્ષમાં પ્રવેશ

ગાંધીનગર, તા. ૨

શહેરના પંચદેવ મંદિરે એક દશકાથી દર શનિવારે સુંદરકાંડ પાઠ યોજાય છે. કષ્ટભંજન દેવ હનુમાનજીના પાઠનો અગિયારમાં વર્ષમાં પ્રવેશ થઈ ગયો છે. નીજ મંદિરે હનુમંત ચરિત્ર અને સુંદરકાંડ કથા યોજવામાં આવી છે.

કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે ગત ૩૦ માર્ચથી દરરોજ રાત્રે ૮-૦૦ વાગે કથા યોજાઈ રહી છે. આ સુંદરકાંડ કથા આજ રોજ શુક્રવારે રાત્રે ૮.૧૫ કલાકે વિરામ લેશે. ત્યાર બાદ તા. ૪ એપ્રિલ શનિવાર હનુમાન જયંતિએ રાત્રે ૮.૪૫ કલાકે કાંતિભાઈ યોગીની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડ પાઠ યોજાશે. હનુમાન જયંતિએ યોજાઈ રહેલ સુંદરકાંડ પાઠમાં સે-૨૨ પંચદેવ મંદિરે નગરની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી કથાનો લાભ લેવા પંચદેવ મંદિર ભકતગણ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ઝુંપડાવાસીઓની આવાસ યોજના અન્વયે ૪થી એપ્રિલે ડ્રો યોજાશે

કોલવડા ગામની સીમમાં ૪૬ કરોડના ખર્ચે ૮૦૦ આવાસો બાંધવામાં આવ્યા છે

ગાંધીનગર, તા. ૨

કોલવડાની સીમમાં ઝુંપડાવાસીઓ માટે નિર્માણ કરાયેલી આવાસ યોજનાના મકાનો સંદર્ભે આગામી તા. ૪ એપ્રિલના રોજ ડ્રો કરવામાં આવશે. રૂ. ૪૬ કરોડના ખર્ચે તૈયાર કરાયેલી આવાસ યોજના અન્વયે દોઢ વર્ષના લાંબા સમયગાળા બાદ ડ્રોની પ્રક્રીયા હાથ ધરાશે.

શહેરમાં દિનપ્રતિદિન ઝુંપડાઓના દબાણ વધી રહ્યા છે. હાલ પણ સેક્ટરોમાં નજર નાંખો ત્યાં મુખ્ય માર્ગો તેમજ રહેણાંક વિસ્તાર આસપાસ ઝુંપડાઓની કતાર જોવા મળી રહી છે. શહેરમાં રેનબસેરાનો પ્રોજેક્ટ પણ વર્ષોના અંતે અદ્ધરતાલ છે. બીજી તરફ ઝુંપડાવાસીઓને માથે પાકી છત આપવા કોલવડા ગામની સીમમાં આવાસ યોજનાનું નિર્માણ કરવામાં આવ્યું છે. રૂ. ૪૬ કરોડના ખર્ચે નિર્માણ કરાયેલી આ યોજના અન્વયે ઝુંપડાવાસીઓ માટે ૮૦૦ જેટલા મકાનો બાંધવામાં આવ્યા છે. કોલવડામાં ઝુંપડાવાસીઓ માટેની આવાસ યોજનાને અનુલક્ષી રસ્તા, સ્ટ્રીટલાઈટ અને બગીચાનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. આવાસ યોજનાના નિર્માણ બાદ લાંબા સમયથી લાભાર્થીઓને આવાસ ફાળવવા ડ્રો ની પ્રક્રિયા અટવાઈ હતી. જેના લીધે છેલ્લા દોઢ વર્ષથી આવાસ યોજનાનો લાભ જરૂરિયાતમંદોને મળી શક્યો ન હતો. આખરે આ મામલે આગામી તા. ૪ એપ્રિલના રોજ સવારે ૧૧ કલાકે ટાઉનહોલમાં ડ્રો ની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

વડાપ્રધાન મોદી રેડિયો વાર્તાલાપમાં કિસાનોનો આત્મહત્યાનો પ્રશ્ન ભૂલ્યા

ગાંધીનગરના જાગૃત નાગરિકે મોદી કિસાનો પ્રત્યે ગંભીર છે તે બાબતને સરાહનીય ગણી : આત્મહત્યા રોકવા કાઉન્સિલીંગ ફોન સેવા ઉપલબ્ધ કરવા લેખિત અરજી કરી

ગાંધીનગર, તા. ૨

દેશમાં એક સમયે ખેડૂતને ઉચ્ચ સ્થાન આપવામાં આવતુ હતુ. ઉત્તમ ખેતી, મધ્યમ ધંધો અને કનિષ્ક નોકરી, ગણવામાં આવતી હતી. ત્યારે આજે ચિત્ર જુદુ અને વિરૂદ્ધ છે. અને તેના કારણે જ ખેડૂત બાપડો બિચારો થઈ આત્મહત્યા કરવા મજબુર બને છે. દેશમાં ખેડૂતોના આત્મહત્યાના કિસ્સા વધી રહ્યા છે. શહેરના જાગૃત નાગરિકે આ પ્રશ્ન સામે સંવેદના વ્યક્ત કરી આત્મ હત્યા રોકવા સરકારને રજુઆત કરી છે. ભારત ખેતી પ્રધાન દેશ છે અને આ દેશમાં ખેડૂતોની સંખ્યા વધારે છે. જગતનો તાત બંજર જમીન ઉપર પરસેવો પાડીને ફસલ ઉગાડે છે. કાળી મજુરી કરે છે. પરંતુ કુદરતની એક જ થપાટથી કરેલુ બધુજ રફેદફે થઈ જાય છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કિસાનોના પ્રશ્નોની રેડિયો ઉપર વાર્તાલાપ કરી કિસાનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

ગાંધીનગર શહેરના જાગૃત નાગરિક જયંતભાઈ ભટ્ટે વાર્તાલાપ સાંભળી ખેદ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે રેડિયો પર વડાપ્રધાન મોદીએ કરેલ વાર્તાલાપને સાંભળ્યો. મોદીએ જમીન સુધારણા કાયદા વિશે મંતવ્ય રજુ કર્યું, ભૂમાફિયાઓ ખેડૂતોને ભોળવી બદ ઈરાદાથી પોતાના કાળજાના ટુકડા સમાન જમીનો છીનવી લે છે. તેની સામે આકરા પગલા લેવાશે. ખેડૂતોની જમીનને બજાર કરતા ચાર ગણુ વળતર આપવામાં આવશે.

પરંતુ આ આખી રામાયણમાં મોદીજી ખેડૂતોના જીવન મરણનો પ્રશ્ન ભુલી ગયા. ખેડૂતોના આત્મહત્યાના પ્રશ્નને અભેરાઈએ ચઢાવી દેતા મને ખુબજ દુઃખ લાગ્યુ. આ બાબતે તેમણે મોદીજીની માફી માગી જણાવ્યું કે ખેડૂતો પાક નિષ્ફળ જવાને કારણે, ખાનગી લેણાની રકમ અને વ્યાજ ન ભરી શકવાને કારણે આપઘાત કરવો પડે છે.

ત્યારે દેશમાં ધરતીપુત્રોનો આપઘાત રોકવા ચોવીસ કલાકની કાઉન્સિલીંગ ફોન સેવા શરૂ કરવી જોઈએ. મનુષ્યને આત્મહત્યાનો વિચાર થોડી ક્ષણો માટે જ આવે છે. જો કાઉન્સિલીંગ ફોન સેવા દેશમાં ઉપલબ્ધ કરવામાં આવે તો દેશના લાખો કિસાનો આપઘાત કરતા બચી જશે.

તેમણે એમ પણ જણાવ્યું છે કે આ કાઉન્સિલીંગ નંબર ફક્ત ત્રણ આંકડાનો હોવો જોઈએ જેનાથી ખેડૂત સરળતાથી યાદ રાખી શકે. ગાંધીનગરના નાગરિકો આ બાબતે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારને ઝડપથી સેવા ઉપલબ્ધ કરવા વિનંતી કરી છે.

આજે નગરમાં હાટકેશ જયંતિ ઉજવાશે

સે. ૧૭ના નર્મદેશ્વર મહાદેવથી હાટકેશદાદાની પાલખી નીકળશે : સે. ૨૩ લગ્નવાડીમાં લઘુરૂદ્રાભિષેક યોજાશે : તાલુકાના એક માત્ર નારદીપુર ખાતેના હાટકેશ્વર મંદિરે શ્રદ્ધાળુઓ ઉમટી પડશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરમાં તા. ૩જી એપ્રિલ શુક્રવારે હાટકેશ જયંતિની ઉજવણી ભારે ધામધૂમથી કરવામાં આવશે. શહેરના નાગર પરિવારો દ્વારા હાટકેશ જયંતિ નિમિત્તે વિવિધ પૂજા-અર્ચના અને લઘુરૂદ્ર તેમજ હાટકેશ દાદાની પાલખી સહિતના કાર્યક્રમોનું આયોજન કરેલ છે.

શહેરના શિવમંદિરોમાં આવતીકાલે પૂજા-આરતી અને લઘુરુદ્રના નાદ ગુંજી ઉઠશે. નાગરોના આરાધ્ય દેવ હાટકેશ્વર જયંતિએ નગરના નાગર સમાજ દ્વારા પણ વિવિધ આયોજન કરવામાં આવ્યા છે. સે. ૨૩ની લગ્નવાડીમાં વડનગરા નાગર પરિવાર દ્વારા લઘુરૂદ્રાભિષેક કરવામાં આવશે. આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર દોલત ભટ્ટનું સન્માન પણ કરવામાં આવનાર છે. આ ઉપરાંત નગરના વિસનગરા નાગર પરિવાર દ્વારા સે. ૧૭માં સ્ટાફ ટ્રેનિંગ કોલેજ પાછળ આવેલ નર્મદેશ્વર મહાદેવ ખાતે લઘુરૂદ્રાભિષેક યોજાશે. ત્યારબાદ અહીંથી હાટકેશદાદાની શોભાયાત્રા નીકળશે. આ ઉપરાંત હાટકેશદાદાની પાલખી નાગરોના ઘરે ઘર પધરામણી કરશે અને અંતે નર્મદેશ્વર મહાદેવ પરત ફરશે. ગાંધીનગર તાલુકાના નારદીપુર ખાતે તાલુકાનું એક માત્ર હાટકેશ્વર ભગવાનનું મંદિર આવેલુ છે. ત્યાં પણ વહેલી સવારથી નાગરો સહિત અનેક શ્રદ્ધાળુઓ હાટકેશદાદાના દર્શનાર્થે પરિવાર સહિત ઉમટી પડશે.

ઝુંડાલમાં ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમતા ૪ ઝડપાયા

એલસીબીની ટીમે દરોડો પાડી રૂ. ૧.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક ઝુંડાલ ગામના એક વાસમાં ખુલ્લેઆમ વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી ચાર શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. રૂ. ૧.૭૬ લાખના મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારને બાતમી મળી હતી કે ઝુંડાલ ગામમાં બ્રહ્માણ માતાજીના મંદિરવાલા વાસમાં ખુલ્લામાં વરલી મટકાનો જુગાર રમાઈ રહ્યો છે. બાતમી મળતા જ તેમની ટીમને આદેશ કરી સ્થળ પર પહોંચી દરોડો પાડવામાં આવ્યો હતો. રૂ. ૪૪,૮૪૦ રોકડા, પાંચ નંગ મોબાઈલ તથા સવા લાખની કિંમતની કાર મળી કુલ રૂ. ૧,૭૫,૮૪૦ની કિંમતના મુદ્દામાલ સાથે એલસીબીની ટીમે ઝુંડાલના અર્જુન બેચર ઠાકોર, મંગા ખોડા ઠાકોર, અડાલજનાં હકા લક્ષ્મણ ઠાકોર અને સંજય પ્રહલાદ ઠાકોર મળી ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે. ચારેયની ધરપકડ કરી એલસીબી પોલીસે અડાલજ પોલીસમથકમાં ગુનો દાખલ કરાવી ધોરણસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

રેન્જ આઈજીપીની સૂચનાથી એન્ટી રોમીયો સ્કવોર્ડ પુનઃ સક્રીય

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં થોડા સમયથી ડીએકટીવ થઈ ગયેલી એન્ટી રોમીયો સ્કવોર્ડને રેન્જ આઈજીપીની સુચનાથી પુનઃ સક્રીય કરી દેવામાં આવી છે. એન્ટી રોમિયો સ્કવોર્ડની ડ્રાઈવ ચાલી રહી છે ત્યારે આજે બે દિવસને અંતે છ શખ્સોને પોલીસે ઝપટમાં લીધા છે. ત્રણ નબીરાઓએ એલસીબીના જવાનો પર હુમલો કરી નાંખતા મામલો વધુ ગંભીર બન્યો હતો. સે-૨૧ પોલીસે આ અંગે ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

એન્ટી રોમીયો સ્કવોર્ડની બે દિવસીય ડ્રાઈવ દરમિયાન શાળા કોલેજો બહાર ઠઠ્ઠા-મશ્કરી કરવા અડીંગો જમાવીને બેસતા અસામાજીક તત્વો, બાગ-બગીચાઓ આસપાસનાં ન્યુસન્સ તથા જાહેર માર્ગો પર બેફામ બાઈક ચલાવી કીકીયારીઓ પાડી અલ્લડ વર્તન કરતા તત્વો સામે કાર્યવાહી સ્કવોર્ડ તથા સ્થાનિક પોલીસે શરુ કરી છે. ગઈ સાંજે એફઝેડ બાઈક પર બેફામ સ્પીડે ત્રણ સવારી નબીરાઓ જ માર્ગ પર જઈ રહ્યા હોવાની માહીતીને આધારે પોલીસ તેને પકડવા જ રોડ પર પહોંચી ગઈ હતી. પોલીસને જોઈ સરીતા ઉદ્યાનથી ચ-૩ તરફ બાઈક ભગાવી નાસવાનો પ્રયત્ન કરતાં વચ્ચેથી પોલીસે ત્રણેય બાપુનગરના શખ્સો ભગીરથ નરેન્દ્ર ચુડાસમા, મનોજ દિલીપ મેર અને રવિ નવીનવાળાની ધરપકડ કરી ગુનો દાખલ કર્યો હતો. તે ઉપરાંત આજે સરકીટ હાઉસથી ચ-૫ જતા માર્ગ પર ચિલ્ડ્રન્સ યુનિ. સામે માર્ગ પર કીકીયારીઓ પાડતા ૩ નબીરાઓ દારૂના નશામાં બાઈક પર જઈ રહ્યા હતા. એલસીબીના જયવિરસિંહ અને ભૌતિકકુમારે તેમને રોકવાનો પ્રયાસ કરતાં એલસીબી જવાનો પર નબીરાઓએ હુમલો કરી દીધો હતો અને જાહેરમાં હાથાપાઈ કરીને કપડા પણ ફાડી નાંખ્યા હતા. ત્રણ પૈકી એક બીએસએફમાં સિપાઈ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ પર હુમલો થતા ૨૦૦થી વધુ વ્યકિતઓનું ટોળુ સ્થળ પર જમા થઈ ગયું હતું. પોલીસ ત્રણેય નબીરાઓને પકડીને પોલિસ મથકે લઈ ગઈ હતી.

પાટનગર યોજના ભવનમાં ગ્રાંટના અભાવે કોન્ટ્રાકટરોના બીલ અટવાયા!

માર્ચના અંતે પણ બીલોની ચુકવણી ન થતા આક્રોશ

ગાંધીનગર, તા. ૨

પાટનગર યોજના ભવનમાં ગ્રાન્ટન અભાવે કોન્ટ્રાકટરોના પૈસા સલવાયા છે. નાણાંની ચુકવણી ન થતા કોન્ટ્રાકટરોમાં જરુરી ચુકવણાનો આર્થિક વ્યવહાર ખોરવાઈ ગયો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. હોળી-ધૂળેટીના પર્વથી લઈ માર્ચ અંત સુધીમાં પણ સંબંધીત એજન્સીઓને કામોના વિવિધ બીલની ચુકવણી ન થતા કોન્ટ્રાકટરોમાં રોષ પ્રવર્ત્યો છે.

શહેરમાં રસ્તા, પાણી અને સ્ટ્રીટલાઈટ સહીતના માળખાગત અને વિકાસના નીત નવા કામોની જવાબદારી જેના શીરે છે તેવા પાટનગર યોજના ભવનમાં છેલ્લા ઘણા સમયથી કોન્ટ્રાકટરોના બીલની ચુકવણીના મામલે ભારે વિલંબ થતો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. મહત્વના કામો પાછળ તોતિંગ ખર્ચનું આયોજન કરવામાં આવે છે. આવા સંજોગોમાં જરુરી કામો અંતર્ગત હોળી-ધુળેટીના તહેવારોના ટાંણે પણ કોન્ટ્રાકટરોને ટાંણે નાણાં ન મળતા તેમની હાલત સુડી વચ્ચે સોપારી જેવી થઈ જાય છે. ગત હોળી ધુળેટી દરમિયાન પણ આવી જ સ્થિતિ ઉદભવી હતી હાલ પણ ભવનના ડીવીઝન-૧માં ગ્રાન્ટના અભાવે એજન્સીઓને પૈસાનું ચુકવણુ ન થતું હોવાનો આક્રોશ ઉદભવ્યો છે. જેના પરિણામે કોન્ટ્રાકટરોના જરુરી આર્થિક વ્યવહાર પણ અટવાઈ પડયા છે. કોન્ટ્રાકટરોને બીલોની રકમ સમયસર ન ચુકવાતા રોષ પ્રવર્ત્યો છે. આ મામલે સમયસર નાણાંની ચુકવણી થાય તેવી વ્યવસ્થા ગોઠવવા પણ પ્રબળ માંગ સાથે ગણગણાટ પ્રવર્ત્યો છે.

સે. ૧૪માં માઁ વૈષ્ણોદેવીના જાગરણમાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સેક્ટર-૧૪માં ચૈત્રી નવરાત્રીની આઠમે તા. ૨૮મી માર્ચે માઁ વૈષ્ણોદેવીના જાગરાતા-જાગરણનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં પૂજન, અર્ચના, શણગાર અને ભક્તિ ભાવપૂર્વક સંકિર્તન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય કલાકાર રાજ મહેરા એન્ડ પાર્ટી દ્વારા રામ-સીતા-હનુમાનજીની આબેહૂબ ઝાંખી સહિત માતા વૈષ્ણોદેવીના ભજન પ્રસ્તુત કરાયા હતા.

મહાત્મા મંદિર નજીક પ્લોટ નં. ૨૫/૧ ખાતે નિવૃત્ત ફ્લાઈના ઓફિસર ઉમેશ ગુપ્તા અને રાજીવ ગુપ્તા દ્વારા આયોજિત આ વૈષ્ણોદેવી માતાના જાગરાતા મહોત્સવમાં ભાવિક ભક્તજનો માટે ગુફાના માહોલ સાથે દર્શનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં લાઈટીંગ, સ્ટેજ અને શણગાર સાથે કથાનું રસપાન શ્રોતાઓને કરાવાયું હતું. આ કાર્યક્રમમાં ઉત્તર ગાંધીનગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ભાજપના મહામંત્રી કનુભાઈ દેસાઈ, ચંદ્રકાન્ત રાવલ, મ્યુ. કાઉન્સિલર પ્રકાશભાઈ, બિલ્ડર ઘનશ્યામભાઈ તેમજ એરફોર્સના એર કમાન્ડર ધરમવીર, ગ્રુપ કેપ્ટન પી.કે. શર્મા, તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહાનુભાવોનું સ્વાગત માતાજીની ચુંદડી અર્પણ કરીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત ભક્તોના હાથે રક્ષા બાંધી તેમને રક્ષામંત્ર ખેસની ભેટ આપવામાં આવી હતી. આ ઉપરાંત તમામ ભક્તો માટે પ્રસાદ તેમજ અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને માતા વૈષ્ણોદેવીના દર્શન સાથે સંકિર્તનનો લાભ લીધો હતો.

દશકોશી પાટીદાર સમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨

દશકોશી કડવા પાટીદાર સમાજના સભ્ય બી.બી. પટેલ

(કોટેશ્વર)નું એડીશનલ કલેક્ટર તરીકે પ્રમોશન થતા હાલ તેઓ પંચાયત મંત્રીશ્રી ગુજરાત રાજ્ય ગાંધીનગરના પર્સનલ સેક્રેટરી તરીકે નિમણૂંક પામતા દશકોશી કડવા પાટીદાર સમાજ ગાંધીનગરના મંત્રી જયેશભાઈ બી. પટેલે (કોટેશ્વર) અભિનંદન પાઠવ્યા છે.

ડૉ. આંબેડકર જન્મ જયંતિના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર, તા. ૨

ડૉ. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિની કારોબારી ગત ૨૧ માર્ચના રોજ મળી હતી. સર્વાનુમતે વર્ષ ૨૦૧૫-૧૬ માટેના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે પિનાકીન નાથાલાલ, ઉપપ્રમુખપદે ભરતસિંઘ ચૌધરી, વિઠ્ઠલભાઈ પરમાર, કલ્પેશ ચૌહાણ મહામંત્રી પદે ગરગોવિંદ મકવાણા, સહમંત્રી પદે એ.ટી. શેઠ, અશ્વિન રાઠોડ, વિરસિંહ મકવાણા, કોષાધ્યક્ષ પદે નારાયણભાઈ પરમાર, કાનૂની સલાહકાર પદે પ્રવિણભાઈ અમીન (એડવોકેટ) અને ટ્રસ્ટી પદે ચીમનભાઈ રાઠોડ, ગોવિંદભાઈ રાઠોડ અને હરગોવિંદ રાઠોડની વરણી કરવામાં આવી છે.

આજે હાટકેશ દર્શન નાગર એકતા યાત્રા ગાંધીનગરમાંથી પસાર થશે

'નાગર સોશ્યલ ગ્રુપ' દ્વારા ચૈત્ર સુદ ૧૪ને તા. ૩-૪-૧૫, શુક્રવારના રોજ હાટકેશ જયંતિ હોવાથી તે દિવસે નાગર સમાજ દ્વારા તેમના ઈષ્ટદેવ હાટકેશ્વર મહાદેવની 'હાટકેશ દર્શન નાગર એકતા યાત્રા' વડનગર, વિસનગર, મહેસાણા, કલોલ, ગાંધીનગર, અંબાપુર ગામથી અમદાવાદ (સાબરમતી, વ્યાસવાડી, હેલમેટ સર્કલ, નેહરૂનગર ચારરસ્તા, ચંદ્રનગર, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, વી.એસ. હોસ્પિટલ) સુધી નીકળવાની છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૨

સૂર્યાસ્ત : ૬.૫૯

તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૨૭ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

સ્ક્રીન-૨ :

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સિટીપલ્સ

: સ્ક્રીન-૨ :

એન. એચ-૧૦ : ૧૦.૦૦

અગ્નિ પરીક્ષા : ૯.૦૦

સ્ક્રીન-૩ :

ડ્રેગન બ્લેડ (ઈંગ્લીશ) : ૨.૪૫, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫

એન. એચ-૧૦ : ૧૨.૩૦

સ્ક્રીન-૪ :

હંટર : ૧૨.૪૫, ૧૦.૦૦

બરખા : ૧૦.૦૦, ૩.૪૫

એન.એચ-૧૦ : ૬.૪૫

સ્ક્રીન-૪ :

કેનવાસ (ગુજરાતી) : ૯.૦૦

બરખા : ૧૨.૩૦

એન.એચ-૧૦ : ૩.૩૦

હંટર : ૬.૦૦

આપની આજ

મેષ : નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે. અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે છે. લાભનો માર્ગ મોકળો બનતો જણાય.

વૃષભ : જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

મિથુન : કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો.

કર્ક : આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

સિંહ : વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

કન્યા : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

વૃશ્ચિક : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગ ને દિવસ આનંદમય રીતે પસાર થશે.

ધન : વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને.

મકર : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

કુંભ : કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

મીન : અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે. નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય. અનુભવીનું માર્ગદર્શન લેવું.

ચિરવિદાય

- સ્વ. મિઠીબેન વસરામભાઈ માલી (ઉ.વ.૫૫) પ્લોટ નં. ૫૩૨/૧, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. અનિરુદ્ધસિંહ જયરાજસિંહ સિંધ (ઉ.વ.૬૫) ઈ/૩, અંકુર એપાર્ટમેન્ટ, વાવોલ જી. ગાંધીનગર